## ૯.૨ સુપ્રસિદ્ધ તીર્થસ્થાનો અને જિનાલયો

## શત્રુંજય મહાતીર્થ

તીર્થંકર પરમાત્મા એકવાર જ્યાં વિચરે તે તીર્થ. સંસાર-સાગરમાં ફરતાં જીવોને માટે શ્રી શત્રુંજય મહાતીર્થ જેવું એકેય તીર્થ નથી.

સૌરાષ્ટ્ર શત્રુંજી નદીના કિનારે આવેલ છે જેની ઉંચાઈ સમુદ્રના લેવલથી ૧૯૦૦ ફૂટની છે, તળેટીથી રામપોળ સુધી પહોંચવાનો રસ્તો ૩ કિલોમીટર અને ૩.૧૫ હેકટોમીટર છે. તળેટીથી રામપોળ સુધી ૩૭૪૫ પગથિયાં છે.

શત્રુંજય તીર્થને મંદિરોનું નગર કહેવામાં આવે છે. ગિરિરાજ પર નવે ટૂંકો પર થઈને ૧૦૫ મોટાં દેરાસરો છે, ૮૧૫ નાની દેરીઓ છે, પાષાણનાં પ્રતિમાજી ૧૧૦૯૪ તથા ધાતુના પ્રતિમાજી ૬૬૫ છે. નવે ટૂંકોમાં થઈ પગલાંની સંખ્યા ૮૯૬૧ છે.

શત્રુંજય તીર્થને મહાતીર્થ એટલા માટે કહેવામાં આવે છે કે અનંતાત્માઓ આ તીર્થભૂમિ પર શાશ્વત-પદ-મોક્ષને પામ્યા છે.

વર્તમાન ચોવીસીના શ્રી નેમિનાથ ભગવાન સિવાયના ત્રેવીસ તીર્થંકર ભગવંતોએ શત્રુંજય પર પધારીને વિશ્વને ધર્મ સંદેશ આપ્યો હતો.

શ્રી નેમિનાથ ભગવાન ગૃહસ્થપણામાં શ્રી શત્રુંજય ગિરિરાજ પર પધાર્યા હતા, અને ત્યાં શ્રી ગિરિરાજનો મહિમા વર્ણવ્યો હતો. આ ગિરિ ચોવીશ તીર્થંકરોના ચરણરજ વડે પવિત્ર છે.

શ્રી સિદ્ધગિરિરાજનાં સ્પર્શથી ઉત્તમ ગતિ થાય છે.

## સમ્મેતશિખરજી

શ્રી સમ્મેતશિખરજી ભારતનું એક અગ્રગણ્ય શ્રેષ્ઠ તીર્થ છે, આ સમ્મેતશિખરજી ગિરિરાજ સમુદ્રની સપાટીથી ૪૪૪૮ ફીટની ઉંચાઈ ધરાવે છે. આ ગિરિરાજના પાતાળમાં મૂલ્યવાન ધાતુઓ તથા રાસાયણિક પદાર્થો છૂપાયેલા છે.

તીર્થમાં પ્રવેશ કરતાં પ્રથમ તીર્થરક્ષક શ્રી ભોમિયાજીનું મંદિર આવે છે. જે યાત્રિકોની રક્ષા કરે છે. મુખ્ય મંદિર શ્રી શામળિયાજી પાર્શ્વનાથ ભગવાનનું છે. તેમાં ૩૬ ઈંચની ભગવાનની મૂર્તિ છે. તેની એક બાજુ શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા બીજી બાજુ શ્રી શીતલનાથ ભગવાનની શ્વેત પ્રતિમાઓ છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર અને શ્રી ચંદ્રપ્રભુ સ્વામિનું મંદિર છે. અહિં વીસ તીર્થંકરોની ચરણપાદુકા છે. શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાન, શ્રી ચિંતામણી પાર્શ્વનાથ, શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે .

મધુવન તળેટીમાં દિગંબર મંદિરો તથા ધર્મશાળા આવેલા છે. આ મંદિરોમાં સમવસરણ તથા નંદીશ્વર દ્વીપ મંદિરો ખૂબ જ સુંદર અને ભવ્ય છે.

## શ્રી ગિરનાર મહાતીર્થ

જૂનાગઢ પાસે સમુદ્રની સપાટીથી ૯૪૫ મીટર ઉંચાઈએ આ મહાતીર્થ આવેલું છે. તળેટીથી પહેલી ટૂંકનું ચઢાણ ત્રણ કિલોમીટર છે. પગથિયા ૪૨૦૦ છે. શ્રી ગિરનાર તીર્થ ઉપર બિરાજમાન મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની પદ્માસનસ્થ પ્રાચીન મૂર્તિ, શ્યામવર્ણની ૧૪૦ સે.મી. ની છે. ઉપરાંત શ્રી જગમાલનું મંદિર, શ્રી માનસંગ ભોજરાજની ટૂંક, શ્રી મેરક વશીની ટૂંક, શ્રી સગરામ સોનીની ટૂંક, શ્રી કુમારપાળ મહારાજની ટૂંક ઉપરાંત અન્ય મંદિરો આવેલાં છે. શ્રી નેમિનાથ ભગવાનના મંદિર પાછળ શ્રી જગમાલનું મંદિર આવેલું છે. તેમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન છે. શ્રી મેરકવશીની ટૂંક પર મૂળનાયક શ્રી સહસ્રફણા પાર્શ્વનાની મૂર્તિ છે. ભમતીમાં અષ્ટાપદની રચના છે, જેમાં ૨૪ પ્રતિમાજીઓ છે. શ્રી ચૌમુખજીનું મંદિર છે. પાંચ મેરુનાં મંદિર છે. આ મંદિરમાં ૧૧૩ પ્રતિમાઓ

છે. શ્રી સરગરામ સોનીની ટૂંકમાં મૂળનાયક સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્તિ છે. આ મંદિરમાં કુલ ૩૬ પ્રતિમાજીઓ તથા પાષાણની સુખડ ચોવીસી છે. શ્રી કુમારપાળ મહારાજાની ટૂંકમાં ઉપર મૂળનાયક શ્રી અભિનંદનસ્વામી ભગવાનની ભવ્ય શ્યામવર્ણ મૂર્તિ છે.

શત્રુંજય, સમેત શિખરજી, ગિરનાર, રાણકપુર, પાવાપુરી વગેરે પ્રાચીન તીર્થો છે. તેમ છેલ્લા પચાસ –સાઈઠ વર્ષોમાં બંધાયેલા કેટલાક નૂતન જિનાલયો અને દેરાસરો, તીર્થની ઉપમા પામે તેવાં નિર્માણ થઈ ચૂક્યા છે. જેમ કે ગુજરાતમાં પાલિતાણા શ્રી ૧૦૮ સમવસરણ મહામંદિર, જંબૂદ્વીપ (કલિકુંડ), અયોધ્યાપુરમ્, કોબા (અમદાવાદ) ૐકાર તીર્થ (વડોદરા), બોરીજ (ગાંધીનગર), કાત્રજ (પૂના), ભુવનભાનુમાનસમંદિર (શાહપુર), શ્રી ધર્મચક્રતીર્થ (નાસિક, વિલ્હોરી), પાર્શ્વપ્રજ્ઞાલય (તળેગાંવ), મહાવીરધામ (શિરસાડ, મુંબઈ), પાવાપુરીતીર્થ (કે.પી. સંઘવી, આબુતળેટી પાસે) સ્મુતિમંદિર (અમદાવાદ)

jainuniversity.org